## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*માલ્યા જેવા ઠગ નાસી જાય છે, લજવાય છે ક્યાં?*
*છતાં દાઉદ જેવા માગે - બોંબ, ગૂંચવાય છે ક્યાં?*
*પસ્તાય છે ક્યાં હાથતાળી દઈ, જાયે છે કેદીઓ -*
*ભરે ભંડાર કટકીનાં શસ્ત્રોથી, સચવાય છે ક્યાં?*
*(ફૂંકે છે 'બણગાં')*

*સમજાય છે,*
*સૌને પતન પછી -*
*- કે 'રાજા' નો'તા...*
*(PM છે શહેનશાહ નથી)*

*ચગાવી દીધાં!*
*ભાવ પણ આકાશે -*
*મારી જેમ જ!!*
*(બે વરસમાં...)*

હાઈકુ

### ચિંતન

**પ્રેમ છિપાયા ના છિપે, જા ઘટ પરગટ હોય,**
**જો પૈ મુખ બોલે નહીં, નૈન દેત હૈ રોય.**

આપણી આંખો અમૂલ્ય રતન છે, તેના થકી આપણે વિશ્વદર્શન કરીએ છીએ. આંખોની જોવાની શક્તિ થી તો આપણે સૌ પરિચિત છીએ, પરંતુ આંખ દ્વારા ભાવથી અભિવ્યક્તિ કરવી એ નયનોની વિશિષ્ટ શક્તિ છે. અભિનયના કલાકારોનો ભાવ સમગ્ર શરીર દ્વારા વ્યક્ત થાય છે. માનસશાસ્ત્રમાં દેહની ભાષાનો વિષય આગવું સ્થાન ધરાવે છે. પ્રેમની ઉત્કટ લાગણી છુપાવી શકાતી નથી. પ્રેમનો ભાવ શબ્દોથી વ્યક્ત કરવો જરુરી નથી. સમગ્ર દેહમાં જે ભાવ પ્રસરી જાય છે તેની નેણ ચાડી ખાઈને પ્રગટ કરી દે છે. બુદ્ધ, ઈશુ કે ગાંધીનાં નયનોમાં જે કરુણા ઝરતી હતી તેનાથી જ લોકો અભિભૂત થઈ જતા હતા. ત્રાટક વિદ્યામાં પણ નયનો સ્થિર કરી એકાગ્રતા કેળવવાનું મહત્ત્વ છે. ભય, કરુણા, પ્રેમ, ગુસ્સો કામ જેવી અનેક લાગણી આંખોમાં ફેરફાર કરી દે છે. આપણે સૃષ્ટિને જોવા દૃષ્ટિનો ઉપયોગ કરીએ છીએ. તે આંખો જ આપણું ભાવવિશ્વ દર્શાવે છે.

### સુવિચાર

- નિયતિ સ્વીકારવાની હોય છે, હર ઘડી શણગારવાની હોય છે,
  તું બધી ફરિયાદ મુકી દે હવે, જિંદગી સ્વીકારવાની હોય છે - **મુકુલ ચોકસી**
- ક્રોધ સમજદારીને ઘરમાંથી બહાર કાઢે છે અને દરવાજાને તાળું મારી દે છે - **પ્લુટાર્ક**
- ચારિત્ર્ય દર્પણ જેવું છે, જેવા હો તેવા દેખાડી દે છે - **ફાધર વાલેસ**
- નિર્ધનતા ત્યારે જ અપમાનજનક ગણાય,
  જયારે તેનું કારણ આળસ, શરાબ, ખોટા ખર્ચા અને મૂર્ખતા હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈર્ષાનો એક જ ઈલાજ છે... ઈર્ષાને ભૂલી જવી - **પન્નાલાલ પટેલ**
- પ્રતિભા વિપત્તિમાં પ્રગટ થાય છે, સમૃદ્ધિ એને ઢાંકી દે છે - **શરીફા વીજળીવાળા**
- આજનું ઔષધ : અમોધાને પાણીમાં પેસ્ટ બનાવી કપાળ પર લેપ કરવાથી આધાશીશી મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ગામના પાદરે વિશાળ વટવૃક્ષના ઓટલે એક સંત કથા-વ્યાખ્યાન દ્વારા સત્સંગ આપતા હતા : કહ્યું, 'પદ, સત્તા, પૈસા, સ્નેહાળ-વાત્સલ્યતા, મોહ-મમતાથી બાંધતા સંબંધોની આપણને કુટેવ પડી જાય છે. જયાં સુધી એ કુદરતી-વ્યવહારિક હોય અને આપણને નિર્લેપ રાખે ત્યાં સુધી તો વાંધો નહીં પણ જયારે એ વ્યસન - ટેવ - લત બની જાય ત્યારે એ આપણને પતનની ખાઈ તરફ લઈ જાય છે. એ બધું જ સ્વાભાવિક આવી મળે - રહે ત્યાં સુધી વાંધો નહીં - એની પ્રાપ્તિ માટે આપણે પાપ-દુરાચારની હદ ન થવું જોઈએ.

ખેડૂત વચ્ચે બોલ્યો - બાપુ એક દૃષ્ટાંત આપીને આ વાત સમજાવો ને! ત્યાંથી તે વખતે એક ગોવાળ બાંધેલી ગાય પાછળ જતો - લઈ જતો હતો. સંતે પૂછ્યું, જો પેલી ગાય ગુલામ છે કે ભરવાડ?

ખેડૂ કહે ભરવાડ જ તેના માલિક છે ગાય તો તેની ગુલામ જ છે ને? સંતે હસીને કહ્યું, ધારો કે આ ગાય ભરવાડના હાથમાંથી છટકી જાય તો કોણ - કોને પકડવા દોડશે? ગાય કે ભરવાડ?

ગાય સ્વતંત્ર છે એને ભરવાડની પડી નથી - ભરવાડ ગાયનો ગુલામ છે તે હાંફળો ફાંફળો થઈ જશે! આપણે સત્તા-પદ-ધન વગર થઈ જઈએ છીએ એમ!

## રાહુલબાબાનો રાજ્યાભિષેક

### તંત્રીસ્થાનેથી...

રાહુલ ગાંધી માટે ખુદ કોંગ્રેસીઓ 'રાહુલ બાબા' જેવું હુલામણું સંબોધન વાપરતા રહ્યા છે. 'બાબા' એટલે બાપુ - વિનોબાને પણ 'બાબા' જ કહેવામાં આવતા. 'બાબા' નો બીજો અર્થ 'બાવો' પણ થાય અને 'બાબો' પણ થાય. કોંગ્રેસ મુક્ત ભારતના અગ્રદૂતોએ 'બાબા' નો અર્થ 'બાબો' ગણીને બિચારા સીધાસાદા નિર્દોષ નહેરુ-ગાંધી વંશીને 'પપ્પુ' સુધી પહોંચાડી દીધો છે. પ્રચાર શું નથી કરી શકતો? પ્રચારશાસ્ત્રમાં માહેર મોદી હિંદુ હૃદયસમ્રાટથી લઈ વિશ્વનેતાઓમાં પણ સર્વોત્તમ હોવાનો દેખાવ કરી શકે છે - ખુદ જામ પણ એમને એવી જ નજરે જોતી થઈ ગઈ છે. બીજી તરફ જેના લોહીમાં જ દેશભક્તિ છે, જેના પૂર્વજોએ દેશસેવા કરતાં કરતાં જાનફેસાની કરી છે એવા રાહુલને લાખ પ્રયત્નો છતાં પ્રચારના જોરે વધુ ને વધુ વામણા દેખાડવાના કારસા થતા રહ્યા છે. ગનીમત છે કે ભારતીય જનતા પાર્ટીની આવી સફળ અને પરિણામલક્ષી ઝુંબેશ છતાં રાહુલ પ્રત્યે એમની પોતાની પાર્ટી મહદંશે 'પોઝિટિવ' અભિપ્રાય ધરાવે છે. પંડિત જવાહરલાલ નહેરુ ઘણી નાની વયે કોંગ્રેસપ્રમુખ બન્યા હતા. તેઓ વડાપ્રધાન બન્યા ત્યારે એમની વય અઠ્ઠાવન વર્ષની હતી. રાજીવ ગાંધી તો દેશના સૌથી નાની વયનાં વડાપ્રધાન હોવાનો રેકોર્ડ ધરાવે છે. તેઓએ ૪૦ વર્ષની વયે દેશનું સુકાન સંભાળ્યું હતું અને બહુ જ સફળ વડાપ્રધાન પુરવાર થયા હતા. રાહુલ પચાસે પહોંચ્યા પછી પણ કોંગ્રેસ પ્રમુખ બની રહ્યા છે ત્યારે ભાજપના નેતાઓ અને પ્રવક્તાઓ મજાક-મશ્કરીઓ કરી રહ્યા છે. એ સાચું કે કોંગ્રેસ એક જ પરિવાર પર આધારિત પાર્ટી બની ગઈ છે અને છેલ્લાં વર્ષો દરમિયાન જનાધારા ગુમાવતી રહી છે. પરંતુ સૃષ્ટિનો નિયમ છે કે સર્વનાશ પછી જ નવસર્જન થતું રહ્યું છે. કોંગ્રેસ મૂળે તો પ્રબુદ્ધજનોની કલબ તરીકે શરુ થયેલી. એ પછી એનું રાષ્ટ્રીય કાઠું ઘડાતું ગયું. ટિળક અને ગોખલેની કોંગ્રેસ કરતાં ગાંધી-સરદાર અને નહેરુની કોંગ્રેસ ઘણી વ્યાપક હતી. આઝાદી પછી એનું સ્વરુપ બદલાતું રહ્યુ છે. આજની કોંગ્રેસ તે મહાત્મા ગાંધીની કોંગ્રેસ નથી તે કબૂલ; પરંતુ ઈન્દિરા ગાંધીની કોંગ્રેસને દેશની પ્રજાએ નરેન્દ્ર મોદીના ભાજપ કરતાં પણ વધારે લાડ લડાવેલાં છે તે ન ભૂલવું જોઈએ. કોંગ્રેસમાં એક જ પરિવારનું એકહથ્થું વર્ચસ્વ રહ્યુ છે તે એની મર્યાદા છે. રાહુલ ગાંધી પોતે નિખાલસતાપૂર્વક કબુલતા રહ્યા છે કે આજે એમને જે પદ મળેલ છે તે પરિવારને જ આભારી છે. પરંતુ એમની દાનત સાફ છે : તેઓ આ પરંપરા આગળ ધપાવવા નથી ઈચ્છતા. તેઓ ઈચ્છે છે કે અગાઉની જેમ પ્રદેશે પ્રદેશે પ્રમુખપદ અને વડાપ્રધાન પદ શોભાવે એવા નેતાઓ પાકે. એ દિશામાં એમણે કામ પણ શરુ કરી દીધું છે. હવે જયારે સોનિયા ગાંધી થાકયાં છે ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રમુખપદની જવાબદારી પક્ષમાં સર્વમાન્ય એવા ઉપપ્રમુખ પર આવે છે. રાહુલ ગાંધી જવાબદારી સ્વીકારતાં સો ગરણે ગાળીને પાણી પીતા રહ્યાં છે. પરંતુ પાર્ટી જયારે સૌથી ખરાબ સ્થિતિએ પહોંચી હોય ત્યારે સુકાની એને અધવચ્ચે, મધદરિયે રઝળતી કરીને ભાગી ન શકે. રાહુલ કોંગ્રેસની કમાન સંભાળશે તે પછી પાર્ટીના સ્વરુપ અને સ્ટ્રકચરમાં ધરમૂળથી ફેરફારો આવશે, તે બધા જ જાણે છે. નરેન્દ્ર મોદીના ઉદય પછી ભારતીય જનતા પાર્ટી બદલાઈ ગઈ એ રીતે કોંગ્રેસ પણ રાહુલના સુકાની પદે બદલાશે. એમાં યુવાન નેતાઓનું વર્ચસ્વ હશે અને વર્ષોથી જામી પડેલા ચમચાઓને એમની હેસિયત મુજબ વેતરી નંખાશે કાં તો પાણીચું પકડાવી દેવાશે. બીમાર શરીરના કાયાકલ્પ માટે કયારેક મેજર સર્જરી અનિવાર્ય બની રહે છે. આશા રાખીએ કે રાહુલ આવી સર્જરી કરવામાં સફળ નીવડે. કોંગ્રેસની એક રાષ્ટ્રીય પક્ષ તરીકે દેશને પણ જરુર છે - ભલે ભારતીય જનતા પાર્ટીને ન હોય.

## તમાકુ જીવલેણ છે?

કાંતિલાલ જોશી ૮૫ વર્ષના થયા, કાંતિલાલ સોનાની ડબ્બીમાં બે ભાગ વાડી ડબ્બી જેમાં એક ભાગમાં તમાકુ ભરતા બીજા ભાગમાં ચૂનો ભરતા. ડાબા હાથમાં ડબ્બી રાખી, એક ભાગ ખોલી જમણા હાથની હથેળીમાં તમાકુ કાઢતા ડબ્બી ફેરવી બીજા ભાગમાંથી ચૂનો નાખતા. ડબ્બી મૂકી દઈ ડાબા હાથના અંગુઠાથી જમણા હાથમાં રાખેલી તમાકુને મસળતા - મસળતા બોલતા નરેન્દ્રભાઈ બિચારા ખુબ મહેનત કરે છે, દેશનું નામ આખી દુનિયામાં જાણીતું થાય, લોકો ભારતને માનની દ્રષ્ટિથી જોવે અને દેશમાં નવા ધંધા, રોજગાર ઉભા થાય માટે જુદા જુદા દેશમાં જઈને મેક ઈન ઈન્ડિયાની ટહેલ નાખે છે.

લોકોને ભારતમાં આવી ઉદ્યોગો નાખી, રોજગાર ભારતના યુવાનોને મળે માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે કે, ભારતમાં આવા નવા ઉદ્યોગો નાખો, તમે પણ કમાઓ અને અને આમારા યુવાનોને રોજગારી આપો. શક્ય છે કે, બધું આજને આજ ન થઈ જાય. સમય લાગે પણ ભારતની કાલ સુવર્ણ છે. વિરોધ પક્ષ પણ દેશદાજને ઓળખે, પોતાના પૉલીટીકલ સ્વાર્થ છોડી દેશ માટે નરેન્દ્રભાઈ જે કઈ કરી રહ્યા છે તેમાં પોતાના દિલમાંથી દેશદાજ જગાડીને સરકારની મદદ કરે અને નરેન્દ્રભાઈને પણ સલાહ છે કે, દેશ માટે, દેશના વિકાસ માટે વિરોધપક્ષોને માન આપે, એમની સલાહ લે, એમને સન્માનજનક સ્થાન આપી, પેરેલલ ગવર્મેન્ટ બનવા દઈ દરેક પ્રશ્નમાં વિરોધપક્ષની સલાહ લે. દાખલા તરીકે બજેટ બનાવતા પહેલા વિરોધપક્ષને પણ મદદમાં લે, અભિમાન મૂકી દેશમાં પ્રગતિ થાય અને સર્વે દેશબંધુઓને વ્યાજબી ભાવે વસ્તુઓ મળે, રોજગારી મળે, ટેક્ષ ઓછા થાય, પેટ્રોલના ભાવ ઘટે અને પેટ્રોલના ભાવ ઉપર જ આખા દેશની ઈકોનોમી જળવાયેલી છે. જો પેટ્રોલના ભાવ ઓછા થશે, તો ઓટોમેટીક દેશમાંથી ભાવ વધારાનું દુષણ, મોંઘવારી દરેકને નાથવામાં સારું એવું બળ મળી રહેશે.

કાંતિલાલ બોલ્યા, આવો બીજો પ્રશ્ન છે. ઈન્કમટેક્ષ મોટા મોટા ઉદ્યોગપતિઓ મોટા ગજાના ઈન્કમટેક્ષ વકીલોની સલાહ લે. કરોડો રૂપિયાની કરચોરી કરે છે. ગરીબ માણશો કે જેઓ ક્યારે પણ ટેક્ષ ભરતા નથી, જયારે બિચારા મધ્યમ વર્ગના સર્વિસ કરતા માણસો ક્યાં જાય? એમને તો ફરજીયાત ટેક્ષ ભરવો જ પડે છે અને સૌથી દુ:ખી તો મધ્યમ વર્ગ જ છે, કાન્તિલાલ બોલ્યા, જેમ સુબ્રમણ્યમ સ્વામી કહે છે તેમ દેશમાંથી ઈન્કમટેક્ષ કાઢી નાખવાની જ જરૂર છે બીજો કોઈ નવો વિકલ્પ શોધી. કોઈ પણ માણસ દેશના વિકાસમાં ઈન્કમટેક્ષની જગ્યાએ સ્વમાનથી ટેક્ષ ભરે અને દેશની પ્રગતિમાં મદદ કરે. કાન્તિલાલની સામે મનસુખકાકા બેઠા હતા. મનસુખકાકાએ કહ્યું - અલ્યા કાંતિ તમાકુ મસળી ડાબા ગાલમાં દબાવી ગમે તેમ બોલે છે એના કરતા જરા કૈંક વિચારીને બોલ. તારું તારા ઘરમાં પણ ચાલતું નથી અને ડાહ્યો થઈને આખા દેશમાં શું થઈ શકે એની સલાહ આપવા માંડ્યો છે. કાન્તિલાલ અકળાયા - અલ્યા મનસુખ આપણે તમાકુ ન ખાતા હોઈએ એનો મતલબ એ નહિ કે તું હોશિયાર છે. તમાકુ ખાવી એ તો હિંમતવાળા લોકોનું કામ છે. મારી વાત કરું કે હું ૬ વર્ષનો હતો ત્યારથી તમાકુ ખાવું છું પણ અત્યારે ૮૫ નો થયો. મારા નખમાં પણ રોગ નથી અને તને ડાયાબીટીસ છે, બ્લડ પ્રેસર છે, એસીડીટી છે, હવે મારે શું ગણવાનું બોલ. તમાકુ ખાવી જોઈએ કે ન ખાવી જોઈએ. પોતાનું તો ભાન નથી અને બીજાને સલાહ આપવા નીકળ્યા છે, તમાકુ ન ખાઓ સિગરેટ ન પીવો, દારૂ ન પીવો.



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

મનસુખ જો હું સ્વીકારું છું કે તમાકુ ખાવી, દારૂ પીવો એ સારી વાત તો નથી જ, પણ તમાકુ ખાતા, દારૂ પીતા, સિગરેટ પીતા માણસ ખરાબ જ હોય છે, તેમને કેન્સર જ થાય છે એવું નથી. વધારે પડતું સેવન કરવું અથવા તો વ્યસન કરવું એ ખરાબ જ છે... હું તમાકુ ખાવાની તરફેણમાં નથી, પણ તમાકુ ખાતો માણસ ખરાબ જ હોય એની સામે મારો સખત વિરોધ છે. મનસુખભાઈએ કહ્યું - કાન્તિલાલ તમે એતો સ્વીકારો છો ને કે તમાકુ ખરાબ વસ્તુ છે. અલ્યા મનસુખ એ તો હું કહું છું તમાકુ ખરાબ વસ્તુ છે, શક્ય હોય તો ન ખાવી જોઈએ અને ટેવ ન હોય તો ન જ ખાવો, પણ તમાકુ ખાતો માણસ જાનવર છે, એ માંનો એની સામે જ મારો વાંધો છે. જો મનસુખ હું તને દાખલો આપું. જો આપણા પશાકાકાનો અરવિંદ જે કેન્સરમાં ગુજરી ગયો એનું કારણ એ હતું કે - અરવિંદ ૨૪ કલાક મોમાં તમાકુ રાખતો. રાત્રે સુતા પણ મોમાં તમાકુ ભરવી રાખતો, જમવાના પહેલા થૂંકી નાંખતો, બોલ મનસુખ આને તો કેન્સર કરવુ જ જોઈએ અને કેન્સર થયું. અને ઓપરેશન પણ શક્ય ન હતુ અને આખરે ૩૫ વર્ષની ઉંમરમાં ભગવાનને ત્યાં પાછા જવું પડ્યું.

અનુસંધાન પાના નં. ૭ પર

## જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર મહિલા સાહિત્યકાર આશાપૂર્ણા દેવી કઈ ભાષાના સાહિત્યકાર છે?

### એવોર્ડ્ઝ

(૧) ભારતના કયા રાષ્ટ્રપતિને હોદ્દો ધારણ કર્યા પહેલાં ભારતરત્ન એનાયત થયો હતો?
(અ) જ્ઞાની જૈલસિંગ (બ) એ.પી.જે. અબ્દુલ કલામ
(ક) સંજીવ રેડ્ડી (ડ) પ્રણવ મુખરજી

(૨) પરમવીર ચક્ર એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય કોણ છે?
(અ) મેજર સોમનાથ શર્મા (બ) સેકન્ડ લેફટનન્ટ રામ રાઘોબા રાણે
(ક) લેન્સ નાયક કરમસિંહ (ડ) નાયક જગુનાથ સિંઘ

(૩) નીરજા ભાનોત પુરસ્કાર કયા ક્ષેત્રમાં અપાય છે?
(અ) સામાજિક સદ્ભાવના (બ) બાલ સંરક્ષણ
(ક) વનીકરણ પ્રવૃત્તિ (ડ) સ્ત્રી સશક્તિકરણ

(૪) ભારતમાં જન્મેલા પણ વિદેશી રોલાન્ડ રોસ અને રૂડીયાક કિલલીંગને કયો એવોર્ડ મળેલ છે?
(અ) ટેમ્પલટન (બ) મેગ્સેસે
(ક) નોબેલ પ્રાઈઝ (ડ) બુકર પ્રાઈઝ

(૫) આંતરરાષ્ટ્રીય સદ્ભાવના માટે નીચેનામાંથી કયો એવોર્ડ અપાય છે?
(અ) ફુલબ્રાઈટ (બ) બુકર પ્રાઈઝ
(ક) એબલ પુરસ્કાર (ડ) ડેવિડ કોહન પ્રાઈઝ

(૬) વર્ષ - ૨૦૧૨નો વલી ગુજરાતી ગઝલ એવોર્ડ કોને એનાયત કરાયો?
(અ) ચીનુ મોદી (બ) હરીશ મિનાશ્રુ
(ક) ચંદ્રકાન્ત શાહ (ડ) ધ્વનિલ પારેખ

(૭) વ્યાસ સમ્માન કઈ ભાષાના સાહિત્યકારને અપાય છે?
(અ) ગુજરાતી (બ) સંસ્કૃત
(ક) કન્નડ (ડ) હિન્દી

(૮) જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર મહિલા સાહિત્યકાર આશાપૂર્ણા દેવી કઈ ભાષાના સાહિત્યકાર છે?
(અ) બંગાળી (બ) ગુજરાતી
(ક) કન્નડ (ડ) હિન્દી

(૯) પ્રો. ગોવિંદચંદ્રુ પાંડેને સૌ પ્રતમ કયો પુરસ્કાર મળ્યો હતો?
(અ) બિહારી પુરસ્કાર (બ) નરસિંહ મહેતા
(ક) શંકર પુરસ્કાર (ડ) વ્યાસ સન્માન

(૧૦) ઉડિયામાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પ્રથમ સાહિત્યકાર કોણ છે?
(અ) વિષ્ણુ સખા ખાંડેકર (બ) વિન્દા કરન્દીકર
(ક) રહેમાન રાહી (ડ) ગોપીનાથ મોહંતી

(૧૧) સરલા સન્માન કઈ ભાષાના સાહિત્યકારોને અપાય છે?
(અ) ગુજરાતી (બ) બંગાળી
(ક) ઉડિયા (ડ) મરાઠી

(૧૨) કુરિયન પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) ડેરી વિકાસ (બ) કૃષિ વિકાસ
(ક) લઘુ ઉદ્યોગ (ડ) માટીકલા

(૧૩) નેશનલ પ્રેમ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા દ્વારા કયો પુરસ્કાર અપાય છે?
(અ) ફિરોઝ ગાંધી (બ) રાજીવ ગાંધી
(ક) નહેરુ એવોર્ડ (ડ) ઈન્દિરા ગાંધી

(૧૪) ગૌક પ્રી કયા દેશનો સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર છે?
(અ) ઈંગ્લેન્ડ (બ) જર્મની
(ક) કોરિયા (ડ) ફ્રાન્સ

(૧૫) ગોપાલરત્ન પુરસ્કાર કોના દ્વારા અપાય છે?
(અ) ગુજરાત સરકાર (બ) ભારત સરકાર
(ક) રાજસ્થાન સરકાર (ડ) મહારાષ્ટ્ર સરકાર



**ખજાનો**
અનિલ પટેલ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૩ જૂન ૧૮૭૯ — રેમન્ડ પીરેલ : અમેરીકન જુઓલોજીસ્ટ, બાયોમેટ્રીના ફાઉન્ડર મેમ્બર, તમાકુના ધુમ્રપાનથી વ્યક્તિનું આયુષ્ય ઘટે છે તેવું સંશોધન કરનાર
- ૩ જૂન ૧૮૭૩ — ઓટ્ટો લોએસી : જર્મન બોર્ન અમેરીકન, ફીઝીશીયન તથા ફાર્માકોલોજીસ્ટ, ચેતાતંત્રમાં થતાં કેમીકલ ફેરફાર પર સંશોધન બદલ ૧૮૩૬માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ૪ જૂન ૧૮૭૭ — હેનરીચ ઓટ્ટો વાઈલેન્ડ : જર્મન કેમીસ્ટ, સ્ટેરોઇડ કેમિસ્ટ પર સંશોધન બદલ ૧૯૨૭માં નોબેલ પ્રાઈઝ મળ્યું.
- ૪ જૂન ૧૭૫૬ — જહોન એટોઈન કલુયડ ચેપ્ટલ : ફ્રેન્ચ કેમિસ્ટ ઈન્ડ્રસ્ટીયલ કેમિસ્ટ્રી પર સૌ પ્રથમ પુસ્તક લખનાર. 'નાઈટ્રોજન' શબ્દ આપનાર
- ૫ જૂન ૧૮૫૪ — જેમ્સ કેરોલ : ઈંગ્લીશ અમેરીકન ફીઝીશીયન. આર્મી સર્જન હતા અને 'યલો ફીવર કમિશન'માં સેવા આપતા.
- ૫ જૂન ૧૮૧૯ — જહોન કૂચ એડમ : ઈંગ્લીશ ખગોળશાસ્ત્રી અને ગણીતશાસ્ત્રી, નેપ્ચ્યુન ગ્રહને ઓળખનાર તથા નામ આપનાર
- ૬ જૂન ૧૯૧૮ — એડવીન જી. ક્રેબ : અમેરીકન બાયોકેમીસ્ટ. 'રીવર્સીબલ પ્રોટીન ફોસ્ફોરીલેશન' જે એક લાયોકેમીકલ પ્રોસેસ છે તેની સોધ ૧૯૯૨માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ૬ જૂન ૧૯૦૦ — મેનફ્રેડ જે. સાકેલ : પોલેન્ડના વતની તથા ન્યૂરોફિઝીઓલોજીસ્ટ, 'ઈન્સ્યુલીન શોક-થેરાપી' પદ્ધતિ વિકસાવનાર
- ૭ જૂન ૧૮૯૬ — ઓટ્ટો હેનરીચ સ્કીનડેવોલ્ફ : જર્મન પેલેન્ટોલોજીસ્ટ, કોરલ્સ અને સેફાલોપોડ્સ પર સંશોધન કરનાર
- ૭ જૂન ૧૮૯૬ — રોબર્ટ સેન્ડરસન મુલીકન : અમેરીકન કેમિસ્ટ તથા ભૌતિકશાસ્ત્રી. પરમાણુની ઈલેક્ટ્રોન રચના અને રાસાયણિક બંધ પર સંશોધન બદલ ૧૯૬૬માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું.
- ૮ જૂન ૧૯૦૬ — ફ્રાન્સીસ ક્રીક : ઈંગ્લીશ બાયોકેમીસ્ટ તથા બાયોફીઝીસ્ટ. ડીએનએ સ્ટ્રકચર પર સંશોધન બદલ ૧૯૬૨માં નોબેલ પ્રાઈઝ વિજેતા
- ૯ જૂન ૧૯૦૪ — વિલિયમ જોસ્કેલીન આર્કેલ : ઈંગ્લીશ પેલીઓન્ટોલોજીસ્ટ, જુરાસીક ફોસીલ્સનું કલાસીફીકેશન કરનાર
- ૯ જૂન ૧૮૭૫ — સર હેરની ડેલે : ઈંગ્લીશ બાયોલોજીસ્ટ તથા ફીઝીઓલોજીસ્ટ, 'કેમિકલ ટ્રાન્સમિશન ઈન નર્વસ ઈમ્પલ્સ' પર સંશોધન બદલ ૧૯૩૬માં નોબેલ પ્રાઈઝ મળ્યું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : આસામના નવા મુખ્યમંત્રી તરીકે ભાજપના કયા નેતાની નિમણૂંક કરવામાં આવી ? જવાબ : સદાનંદ સોનોવાલ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૩) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : ઈન્ફો.જુ.સા.કૉ (૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) ઠાકોર વિરાજી એસ : ધોળાકુવા (૭) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૮) અરવિંદ રાય : સે-૪ડી (૯) નેહલ બી વાઘેલા : કોબા


### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં થયેલ ચૂંટણી દરમિયાન કેરાલામાં કયા પક્ષનું સાશન આવ્યું**
**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) ક (૫) અ (૬) બ (૭) ડ (૮) અ (૯) ક (૧૦) ડ (૧૧) ક (૧૨) અ (૧૩) અ (૧૪) ડ (૧૫) બ

## પ્રાજ્ઞપુરૂષનો નીતિવૈભવ




મહાભારતના ઉદ્યોગપર્વમાં અધ્યાય ૩૩ થી ૪૦ આ રીતે આઠ અધ્યાયોમાં મહાત્મા વિદુરનાં નીતિવચનો છે. આ વિભાગ વિદુરનીતિ તરીકે પ્રસિદ્ધ છે. આ વિભાગ 'વિદુરનીતિ' તરીકે પ્રસિદ્ધ છે. ભીષ્મ પર્વના અઢાર અધ્યાય શ્રીમદ્ ભગવદ્ ગીતા તરીકે પ્રસિદ્ધ છે; તેની જેવું મહત્ત્વ વિદુરનીતિને છે. ગીતામાં અર્જુન પ્રશ્ન કરે છે અને શ્રીકૃષ્ણ ઉત્તર આપે છે, તેની જેમ અહીં ધૃતરાષ્ટ્ર પ્રશ્ન કરે છે અને પ્રાજ્ઞપુરુષ વિદુર એના ઉત્તર આપે છે. વિદુર ખરેખર તો ધર્મરાજા યમ જ છે. માંડવ્ય ઋષિના શાપને કારણે કુરુવંશમાં ધૃતરાષ્ટ્રના ભાઈ દાસીપુત્ર તરીકે અવતાર લેવો પડ્યો છે.

સંજયે આવીને ધૃતરાષ્ટ્રને પ્રત્યક્ષ અહેવાલ આપ્યો કે દુર્યોધન સમાધાન ન કરે તો પાંડવોનું યુદ્ધ કૌશલ્ય ચડિયાતું છે. શ્રીકૃષ્ણે સમાધાનનો પ્રયત્ન કર્યો, તે નિષ્ફળ રહ્યો. આથી હવે ધૃતરાષ્ટ્ર અત્યંત વ્યગ્ર છે. તે માનસિક શાંતિ માટે હવે ધૃતરાષ્ટ્ર વિદુરને બોલાવે છે. મહાત્મા વિદુર ધૃતરાષ્ટ્રના પ્રશ્નોના ઉત્તર આપતા રહે છે.



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

આમાનાં કેટલાંક વિશેષ નીતિવચનો આ પ્રમાણે છે.

(૧) બીજાની સંપત્તિ પડાવી લેવી, બીજાની સ્ત્રીને હેરાન કરવી, પોતાના મિત્રને છોડી દેવા - આ ત્રણ દોષો વિનાશ કરે છે. (૧-૭૦)

(૨) 'રાજય પ્રાપ્ત થઈ ગયું' એટલે હવે રાજાએ અયોગ્ય વર્તન કરવું નહિ. જેવી રીતે વૃદ્ધાવસ્થા ઉત્તમ સૌંદર્યને હણે છે તેમ અવિવેક સંપત્તિને હણે છે. (૨-૧૨)

(૩) આઠ ગુણો મનુષ્યને શોભાવે છે - બુદ્ધિ, સંસ્કાર, સંયમ, જ્ઞાન, પરાક્રમ, ઓછું બોલવું, શક્તિ પ્રમાણે દાન અને કૃતજ્ઞતા. (૩-૫૩)

(૪) દુ:શાસનને ગંધર્વોએ રજા રુપે માર્યો અને ત્રાસ આપ્યો. આ કૃતઘ્ની દુષ્ટતામાંથી પાછો વળતો નથી આ પાપીને કોઈ મિત્ર નથી. હલકા માણસોનાં આવાં લક્ષણ હોય છે.

(૫) જે બાબતમાં જેવું વર્તન કોઈએ કર્યું હોય, તેની સામે મનુષ્યે એવું જ વર્તન કરવું. આ જ ધર્મ છે. કપટ કરનારા સામે કપટ કરવું અને સારું આચરણ કરનાર સામે સજ્જતાથી વર્તવું. (૫-૭)

(૬) અવિશ્વાસુનો વિશ્વાસ ન કરવો. વિશ્વાસુ પર વધુ પડતો વિશ્વાસ ન કરવો. આવો વિશ્વાસ ભયને - ઉત્પન્ન કરે છે. મૂળ સહિત વિનાશ નોતરે છે. (૬-૯)

(૭) આવા માણસોને છોડી દેવા - બીજાની નિંદા કરતા હોય, બીજાને દુ:ખ દેતા હોય, એકબીજા સાથે સતત વિરોધ કર્યા કરતા હોય. જેને જોતાં જ અણગમો થાય, જેની સાથે રહેવામાં ભય હોય. જેને દાન કરવામાં આફત હોય અને ભય રહે, જે ફાટફૂટ પડાવતા હોય, જે લાલચુ હોય, જે શરમ વગરના હોય, જે કપટી હોય, જે પાપી તરીકે જાણીતા હોય, જેનો સહવાસ નિંદાપાત્ર બનાવે, જેનામાં બીજા મોટા દોષો હોય. (૭-૧૧, ૧૨, ૧૩)

(૮) હે ભાઈ, હું તને આ સારી વાતો કરું છું તે પવિત્ર અને એકદમ વિશિષ્ટ સ્થાન અપાવે તેવી છે. પ્રાણના ભોગે પણ કયારેય લાલચ, ભય કે લોભને કારણે ધર્મ છોડવો નહિ. (૮-૧૨)

ધૃતરાષ્ટ્રે વિદુરના વચનો પૂરા થયાં પછી કહ્યું, 'તેમને જે કાંઈ કહ્યું છે હું તે પ્રમાણે વિચારતો થયો છું. પાંડવોને માટે મને હંમેશા સદ્ભાવ જ છે. પરંતુ આ દુર્યોધન આવે છે અને મારી મતિ બદલાઈ જાય છે. ભાગ્યને કોઈ મનુષ્ય બદલી શકતો નથી. મને લાગે છે કે ભાગ્ય અચલ છે અને પુરુષાર્થ નિરર્થક છે.' (૮-૩૦, ૩૦, ૩૧,૩૨)

મહાત્મા વિદુરની વાતો માત્ર ધૃતરાષ્ટ્ર જ નહિ - સૌ કોઈને માટે હિતકારી છે.